


निजेर हाते उपार्जने
साधना नेई सहिष्णुतार।
परेर काछे हात पेते खाई,
बहादुरी तारि गुँतार।
कृपण दातार अन्नपाके
डाल जदि बा कमति थाके
गाल-मिशानो गिलित भात-
ना होय ताते नेईको सूतार।
निजेर जूतार पात्ता ना पाई,
स्वाद पावा जाय परेर जूतार।

પોતાને હાથે કમાવા માટે
મહેનત નહીં ધીરજ નહીં.
બીજા પાસે હાથ લંબાવી ખાવાનું,
માર ખાવાની બહાદુરી.
કૃપણ દાતાના ખાવાનામાં
દાળ યદિ ઓછી પડે
ગાળમિશ્રિત ભાત ગળી જવાનો-
એમાં ભલે ન હોય સ્વાદ.
પોતાનાં જૂતાંનું ઠેકાણું નહીં,
બીજાનાં જૂતાંનો મળે સ્વાદ.



आदर कोरे मेयेर नाम
रेख छे कैलिफोर्निया
गरम होलो बियेर हाट
ओई मेयेरी दर निया।

महेशदादा खुंजिया ग्रामेग्रामे
पेये छे छेले मेसेच्युसेटस नामे,
शाशुडि बुडि भीषण खुशी
नामजादा से बर निया,
भाटेर दल चें चिये मरे
नामेर गुण बर्निया।

પ્રેમથી છોકરીનું નામ
રાખ્યું કેલિફોર્નિયા
માગ એની વધી ગઈ
લગ્નના બજારમાં.

મહેશભાઈ ગામેગામ ફરી
શોધ્યો છોકરો
મૅસેચ્યુસેટ્સ નામનો
વૃદ્ધ સાસુ ખૂબ ખુશ
નામજાદા એ વરને લીધે.
વખાણ કરનારા ગાઈ મર્યા
નામના ગુણ વર્ણવી.

कनकने शीत ताई
चाई तार दस्ताना,
बाजार घुरिये देखे,
जिनिसटा सस्ताना।
कम दामे किने मोजा
बाडि फिरे गेलो सोजा,
किछुते ढोके ना हाते,
ताई शेषे पस्ताना।



કડકડતી ઠંડીમાં
એને જોઈએ હાથનાં મોજાં.
બજારમાં ફરીને જોયું
દર નથી સસ્તા
ઓછા દરનાં મોજાં ખરીદ્યાં,
સીધો આવ્યો ઘેર,
મોજું હાથમાં ચડે નહીં
છેવટે થયું પસ્તાવાનું
મોજાં પહેરવા ગયો
પણ આગળ નથી ખસતાં
પસ્તાવે
રહી ગયો હાથ ઘસતાં



खबर पेलेम कल्य, काल
ताँजामेते चडे राजा
गाँजामेते चलल,
समयटा तार जलदि काटे;
पोंछलो जे हलदिघाटे
एकटा घोड़ा रईलो बाकि,
तिनटे घोड़ा मरलो।
गरानहाटाय पोंछे सेटा
मुटेर घाडे चडलो।

કાલ ખબર પડી
રાજા પાલખીમાં ચડી
એક જગ્યાએ ગયો.
સમય એનો જલદી વીતે,
પહોંચ્યો જેવા હલદીઘાટે.
એક ઘોડો બાકી રહ્યો,
ત્રણ ઘોડા મર્યા.
ગરાનહાટે પહોંચી એ
મજૂરને ખભે ચડ્યો.

समय चलेई जाय-
नित्य ए नालिशे
उद्‌वेगे छिलो भूपु
माथा रेखे बालिशे।

कबजिर घड़िटार
उपरे ई सन्द,
एकदम करे दिलो
दम तार बंध,
समय नडे ना आर,
हाते बाँधा खालिसे,
भूपुराम अविराम
विश्राम-शाली से,
झाँ झाँ करे रोद्दुर,
तबु भोर पाँचटाय
घडि करे इंगित
डालाटार काँचटाय;
रात बुझि झकझके
कुंडेमिर पालिशे
बिछानाय पड़े ताई
दे हाततालि से।

ઓશીકા પર માથું રાખી
ઉદ્વેગમાં ભૂપુ
હંમેશની ફરિયાદ
સમય વહી જાય

કાંડા પરની ઘડિયાળ
એની ઉપર મૂકી આળ
ચાવી એની એકદમ
કરી દીધી બંધ
અટકી ગયો એનો
કાયમનો ટીકટોક છંદ.
ભૂપુરામ અવિરામ
લેવા લાગ્યા વિશ્રામ
ઝાંઝા કરે બપોર
તોય સમયનો સ્કોર
બતાવે સવારના પાંચ
ભૂપુરામની આળસને
ન આવે આંચ
પડી રાત કાળી
પથારીમાં પડ્યા પડ્યા
વગાડે ભૂપુ તાળી.



উজ্জ্বলে ভয় তার,
ভয় মিট্‌মিটেতে,
ঝালে তার জত ভয়
তত ভয় মিদেতে।


ভয় তার পশ্চিমে,
ভয় তার পূর্বে,
জে দিকে তাকায়, ভয়
সাথে সথে ঘুরবে।
ভয় তার আপনার
বাডিটার ইঁটেতে,
ভয় তার অকারনে
অপরের ভিটেতে।

ভয় তার বাহিরেতে,
ভয় তার অংতরে,
ভয় তার ভূত-প্রেতে,
ভয় তার মংত্রে,
দিনের আলোতে ভয়
সামনের দিঠেতে,
রাতের আঁধারে ভয়
আপনারি পিঠেতে।


એને અજવાળાનો ભય,
ઝાંખા પ્રકાશનો ભય,
તીખાનો એને જેટલો ભય
એટલો ગળ્યાનો ભય.

એને પશ્ચિમનો ભય,
એને પૂર્વમાં ભય,
જે બાજુ જુએ ભય
સાથે સાથે ફરે.
પોતાનો એને ભય
ઘરની ઈંટોમાં ભય
કારણ વિના એને ભય
બીજાના ફળિયામાં.

ભય એને બહારનો
ભય એને અંતરમાં,
ભય એને ભૂતપ્રેતનો
ભય એને મંત્રનો
ભય એને દિવસના પ્રકાશનો
સામે જુએ ત્યારે,
રાતના અંધારાનો ભય
પોતાની પીઠ પાછળ.



कनेर पनेर आशो
चाकरि से त्येजे छे।
बारबार आयनाते
मुखखानि मेजेछे।
हेनकाले बिना कोनो कसुरे
यम एसे घा दिये छे श्वसुरे,
कनेओ बाँकालो मुख,
बुके ताई बेजेछे।
वरवेश छेडे हीरुँ
दरवेश सेजे छे।



કન્યાના કરિયાવર આશે,
નોકરી એણે છોડી દીધી.
ચાટલામાં વારંવાર
મોઢાની માવજત કીધી.
તે વખતે વિના કોઈ કસૂર
યમે ઉપાડ્યા શ્વશુર,
કન્યાએ મચકોડ્યું મુખ,
એટલે મનમાં લાગ્યું દુઃખ.
હીરુએ ત્યજી વરનો વેશ
પહેર્યો દરવેશનો વેશ




बहेर बापेर बाडि
जेतेछे बैबाहिक,
साथे साथे भाण्ड हाते
चले छे दई-बाहिक,
पण दे बे कत टाका
लेखापड़ा हबे पाका,
दलिलेर खाता निये
एसेछे सई-बाहिक।

વરના બાપને ઘેર
જઈ રહ્યા છે વેવાઈ,
સાથે સાથે દહીંનું વાસણ હાથમાં લઈ
લઈ ચાલ્યો ચાકર.
દહેજ આપશે કેટલા રૂપિયા
લખાણ થશે પાકું,
લખાણની ચોપડી લઈને
આવ્યા છે સહી કરનારા ભાઈ.

आयना देखेई चमके बले,
मुख जे देखि फेकाशे,
बेशिदिन आर बाँचबो ना तो-
भाबछे बसे एका से।
डाक्तारेरा लूटलो कडि
खावाय जोलाप, खावाय बडि।
अबशेषे बाँचल ना सेई
बयस जखन एकाशि।

આયનો જોતાં જ ચમકીને કીધું
મોઢું કેવું લાગે ફિક્કું,
બહુ દિવસ હવે જીવીશ નહીં
વિચારે છે બેસી એકલો એ.
ડૉક્ટરોએ લૂંટ્યા પૈસા,
આપ્યા જુલાબ, ખવડાવી ગોળીઓ,
છેવટે બચ્યો નહીં એ
ઉંમર થઈ જ્યારે એક્યાશી.



बादशाहर मुखखाना
गुरुतर गंभीर
महिषीर हादि नाहीं घुचे;
कहिला बादशाह-वीर-
जतगुलो दंभीर
दंभ मुछिब चेंचे-पूँछे।

ऊँचूँ माथा हल हेंट,
खालि हल भरा पेट,
शपाशप पिठे पड़े बेत।
कभु फाँसी कभु जेल,
कभु शूल कभु शेल,
कभु कोक देय भरा खेत।

महिषी बलेन तबे,
'दंभ जदि ना रबे
की देखे हासिब तबे, प्रभु।'
बादशाह शुनिया कहे-
'किछुई जदि ना रहे
हसनीय आमि रब तबु।

બાદશાહનો ચહેરો
ધીરેધીરે થવા લાગ્યો ગંભીર,
રાણીનું હાસ્ય થાય નહીં બંધ;
કહે બાદશાહ વીર,
'જેટલા છે દંભી
દંભ એમનો ઉતારી નાખું.


ઊંચું માથું થયું નીચું
ભરેલું પેટ થયું ખાલી,
સપાસપ પીઠે પડી સોટી.
ક્યારેક ફાંસી ક્યારેક જેલ,
ક્યારેક શૂળી ક્યારેક શેલ,
ક્યારેક લઈ લે ભરેલું ખેતર.

મહિષા બોલ્યાં ત્યારે-
'દંભ રહે ના જ્યારે
શાને લીધે હસીએ પ્રભુ.'
સાંભળી બાદશાહ કહે-
કશું જ નહીં રહે જો
હસતો રહીશ હું તો પણ.




आपिस थकइ घरे एसे
मिलत गरम आहार्य,
आजके थकइ रईबे ना आर
ताहार जो।
बिधबा सेई पिसि मरे
गिये छे घर खालि करे,
बधि स्वयं करेछे तार
साहाय्य।

ઑફિસથી ઘેર આવતાં
મળતું ગરમ જમવાનું
આજ પછી એવું
નથી બનવાનું.
વિધવા ફ્રેઈ ગયાં મરી
ઘર એનું ખાલી કરી.
બદ્રી સ્વયં કરે છે
પોતાને સહાય.



गम्बुराजारेर पाते
छागलेर कोरमाते
जबे देखा गेल
तेला-पोकाटा
राजा गेल महा चटे,
चीत्कार करे ओठे-
'खानसामा कोथाकार
बोकाटा।'

मंत्री जुड़िया पाणि
कहे, 'सबई एक प्राणी।'
राजार घुचिया गेल
धोंकाटा।
जीबेर शिबेर प्रेमे
एकदम गेल थेमे
मेझे तार तलोआर
ठोकाटा।




ગંબુરાજાના ભાણામાં
બકરાના કોરમામાં
દેખાયું જીવડું જ્યારે
રાજા બહુ રૂઠ્યો ત્યારે,
બૂમ પાડી ઊઠ્યો -
'ખાનસામા આવો કેવો ડોબો.'

મંત્રી જોડી હાથ
કહે, 'બધાં પ્રાણી એકસમાન.'
રાજાની દૂર થઈ શંકા.
જીવ અને શિવના પ્રેમમાં
એકદમ થંભી ગયું
જમીન પર તલવાર
ઠોકવાનું.

नामजादा दानुबाबु
रीतिमतो खरचे,
अथच भिटेय तार
घुघु सदा चरछे।
दानधर्मेर परे
मन तार निविष्ट,
रोजगार करिबार
बेला जपे 'श्रीविष्णु'।
चाँदार खाताटा ताई
द्वारे द्वारे धरछे।
एई भाबे पुण्येर
खाता तार भर छे।



નામજાદા દાનુબાબુ
સંભાળીને ખરચે,
એમના ઘર આગળ
સદાય કબૂતર ચરે
દાનધર્મ બાબત
મન એમનું જોડાયેલું
કમાવાને વખતે
જપે 'શ્રીવિષ્ણુ'
દાનની ચોપડી લઈ
ઘેર ઘેર ફરે
આ રીતે પુણ્યની
ચોપડી એમની ભરે.



बहु कोटि जुग परे
सहसा बानीर बरे
जलचर प्राणीदेर
कंठटा पावा जेई
सागर जागर हल
कतमतो आवाजे।
तिमि ओठे गां गां करे
चिं चिं करे चिंगड़ी,
इलिश बेहाग भांजे
जेन मधु निंगड़ी,
शांखगुलो बाजे, बहे
दखिने हवा जेई,
गान गेये शुशुकेरा
लागे कुच-कावाजेई।

કરોડો યુગો પછી
અચાનક વાણીના વરદાનથી
જળચર પ્રાણીઓને
જેવો કંઠ મળ્યો
સાગર જાગી ખળભળ્યો
જાતજાતના અવાજથી
વ્હેલ ઊઠીને ગા ગા કરે
ચિં ચિં કરે ચિંગ્ડી,
ઇલિશ કરે બિહાગનો
અભ્યાસ
શંખો વાગવા લાગે
વહે જેવી દક્ષિણની હવા,
'ગીત ગાતાં ડૉલ્ફિન
કરવા લાગે પરેડ.